# દયારામ લેખન

# આંખોમાં ઊડે ગુલાલ

લોકડિયાં દેખે છે લાલ ! આંખોમાં ઊડે ગુલાલ,
મુખડાની ખાશો ગાળ ! આ તે શું કર્યું ?

આડે દહાડે જોર ન ફાવ્યું, આજ હોળીનું ટાણું,
ઘણા દિવસની ગુંજ રીસની, આજ ઉકેલો જાણું.

જે કહેશો તે'હા જ હાવાં, નવ બાનું તે ચૂકી,
ઓરા આવો, કહું કાનમાં, 'મારા સમ દો મૂકી !

શું કરું ? જો આવી સાંકડે, મારું જોર ન ફાવ્યું,
દયા પ્રીતમ મુને કાયર કરીને, તોબાખત લખાવ્યું !

# ઉદ્ધવજી વિચારો રે અંતર આપણે

ઉદ્ધવજી વિચારો રે અંતર આપણે, વણસમજ્યે શી દેવી રે શીખ?
જોવા કરકંકણ જોઈ એ શીદ આરસી? હોય વિચાર તો પાસે પરીખ ઉદ્ધવજી૦

તમારો તો હરિ વ્યાપક સર્વત્ર છે, ત્યારે કહો અધિક કે ઓછા ક્યાંય?
નિત્ય ઊઠી જાઉં છું શીદ કરી રહ્યા? એવડું શું દાટ્યું છે મધુપુરી માંહ્ય? ઉદ્ધવજી૦

ભમરે છે લોભી ગંધ કમળ ને કેતકી, દૂર થકી લાવે છે સુગંધી ગ્રહી વાય,
તેટલેથી હ્રદયરંજન ન થાતું હોય તો શીદને દોરાય? શીદ કંટકમાં જાય? ઉદ્ધવજી૦

દશે દિશા દીસે ઉદ્યોત ઇન્દુ તણો, પણ જ્યાં લગી અભ્રને ઓથે ચંદ,
સાગર કુમોદાદિક ફૂલે તો ફૂલજો, પણ ચિત્તચકોરને ન ઊપજે આનંદ. ઉદ્ધવજી૦

વિચારો તો મનને સહેજ રઢ રુપની, કોણ જાણે વદન વપુને શું વેર?
વ્યાપકની સાથે કરી કહો કોણે વાતડી, વાતડી વિના તે શી સુખની લહેર? ઉદ્ધવજી૦

ત્યાર લગી દયાના પ્રીતમ નથી ઓળખ્યા, જ્યાર લગી સત્ય નથી સાકાર,
રૂપરસપ્રેમની પીડા તે ત્યારે પ્રીછશો, અનુભવ થાશે ઓધવ કોઈ વાર. ઉદ્ધવજી૦

# ઓ જશોદાજી !

ઓ જશોદાજી ! એવડો લાડકવાયો લાલ ન કીજીયે.
રે ! ક્યહાં સુધી સુતનાં ચોરચરિત્ર જોઇને રીઝિયે ?

વ્હાલે કૌતુક કીધું મંદિરમાં;
એક માખણપિંડ લીધો કરમાં;
એણે માંકડલાં ઘાલ્યાં ઘરમાં. ઓ જશોદાજી !

વ્હાલો સંતાડ્યાં શોધી (ક હા)ડે;
હોય ઉંચાં પણ હેઠાં પાડે;
એ તો ખાય ખવરાવે વણસાડે. ઓ જશોદાજી !

વ્હાલો સૂતાં બાળકનાં અંગ મોડે;
મ્હારાં બાંધ્યાં વાછરૂં છોડી મેલે;
દહીં દૂધ તની રંજાડ કરે. ઓ જશોદાજી !

દયાના પ્રીતમ સ્વામી રસિયા;
ખાન ગોરસ પર આવે ધસિયા;
ધન્ય ભાગ્ય અમારૂં વ્રજમાં વસિયાં. ઓ જશોદાજી !

# ઓ વ્રજનારી !

ઓ વ્રજનારી ! શા માટે તું અમને આળ ચડાવે ?
પુણ્ય પૂરવ તણાં, એથી પાતળીયો અમને લાડ લડાવે.

મેં પૂરણ તપ સાધ્યાં વનમાં, મેં ટાઢતડકા વેઠ્યાં તનમાં,
ત્યારે મોહને મ્હેર આણિ મનમાં, ઓ વ્રજનારી !

હું ચોમાસે ચાચર રહેતી, ઘણી મેધઝડી શરીરે સહેતી,
સુખદુઃખ કાંઇ દિલમાં નવ લ્હેતી, ઓ વ્રજનારી !

મારે અંગ વાઢ વઢાવિયા, વળી તે સંઘાડે ચડાવિયા,
તે ઉપર છેદ પડાવિયા, ઓ વ્રજનારી !

ત્યારે હરિએ હાથ કરી લીધી, સૌ કોમાં શિરોમણિ કીધિ,
દેહ અર્પી અર્ધ અંગે દીધી, ઓ વ્રજનારી !

માટે દયાપ્રીતમને છું પ્યારી, નિત્ય મુખથી વગાડે મુરારિ,
મારા ભેદગુણ દીસે ભારી ! ઓ વ્રજનારી !

# કાનુડો કામણગારો રે

કાનુડો કામણગારો રે, સાહેલી, આ તો કાનુડો કામણગારો રે !
રંગે રૂડો ને રૂપાળો રે, સાહેલી, આ તો કાનુડો કામણગારો રે !

રંગ રાતોરાતો મદમાતો, ને વાંસલડીમાં ગીતડાં ગાતો,
હે એનાં નેણાં કરે ચેનચાળો રે, સાહેલી, આ તો કાનુડો કામણગારો રે !

ભરવાને ગઈ'તી પાણી રે એને પ્રેમપીડા ભરી આણી રે,
ઘેલી થઈ આવી શાણી રે, સાહેલી, આ તો કાનુડો કામણગારો રે !

બેની તારે પાયે લાગું, વ્હાલા રે વિના ઘેલું રે લાગ્યું રે,
હે એને દયાના પ્રીતમ માંગું રે, સાહેલી, આ તો કાનુડો કામણગારો રે !

# કિયે ઠામે મોહની

કિયે ઠામે મોહની ન જાણી રે,
　　　　મોહનજી, કિયે ઠામે મોહની ન જાણી રે ? મોહનજી૦
ભ્રકુટીની મટકમાં કે ભાળવાની લટકમાં
　　　　કે શું મોહની ભરેલી વાણી રે ? મોહનજી૦
ખિટળિયાળા કેશમાં કે મદનમોહન વેશમાં
　　　　કે મોરલી મોહનની પિછાણી રે ? મોહનજી૦
શું મુખારવિંદમાં કે મંદહાસ્ય ફંદમાં
　　　　કે કટાક્ષે મોહની વખાણી રે ? મોહનજી૦
કે શું અંગેઅંગમાં કે લલિતત્રિભંગમાં
　　　　કે શું અંગ-ઘેલી કરી શાણી રે ? મોહનજી૦
ચપળ રસિક નેનમાં કે છાની છાની સેનમાં
　　　　કે જોબનનું રૂપ કરે પાણી રે ? મોહનજી૦
દયાના પ્રીતમ પોતે મોહની સ્વરૂપ છે
　　　　તનમનધને હું લૂંટાણી રે ! મોહનજી૦

# ચિત્ત તું શીદને ચિંતા ધરે

ચિત્ત તું શીદને ચિંતા ધરે ?
કૃષ્ણને કરવું હોય તે કરે !

સ્થાવર જંગમ જડ ચેતનમાં માયાનું બળ ઠરે;
સ્મરણ કર શ્રીકૃષ્ણચંદ્રનું, જન્મ મરણ ભય હરે
કૃષ્ણને કરવું હોય તે કરે !

નવ માસ પ્રાણી શ્રીકૃષ્ણનું, ધ્યાન ગર્ભમાં ધરે;
માયાનું આવરણ કર્યું ત્યારે, લખ ચોરાશી ફરે
કૃષ્ણને કરવું હોય તે કરે !

તું અંતર ઉદ્વેગ ધરે, તેથી કારજ શું સરે ?
ધણીનો ધાર્યો મનસૂબો, હર બ્રહ્માથી નવ ફરે
કૃષ્ણને કરવું હોય તે કરે !

દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્ર બજાવે જંત્રી તેવો સ્વર નીસરે
કૃષ્ણને કરવું હોય તે કરે !

થનાર વસ્તુ થયા કરે, જ્યમ શ્રીફળ પાણી ભરે;
જનાર વસ્તુ એણી પેરે જાશે, જ્યમ ગજ કોળું ગળે
કૃષ્ણને કરવું હોય તે કરે !

જેનું જેટલું જે જ્યમ કાળે, તે તેને કર ઠરે;
એમાં ફેર પડે નહીં કોઈથી, શીદ કુંટાઈ તું મરે
કૃષ્ણને કરવું હોય તે કરે !

તારું ધાર્યું થાતું હોય તો, સુખ સંચે દુઃખ હરે;
આપ તણું અજ્ઞાનપણુ એ, મૂળ વિચારે ખરે
કૃષ્ણને કરવું હોય તે કરે !

થાવાનું અણચિંતવ્યું થાશે, ઉપનિષદ ઓચરે;
રાખ ભરોસો રાધાવરનો, દયા શીદને ડરે ?
કૃષ્ણને કરવું હોય તે કરે !

# દામોદર! દુઃખડા કાપો રે!

દામોદર! દુઃખડા કાપો રે! પાવલે લાગું!

નંદલાલ! નિકજાનંદ આપો રે! - એ વર માંગુ!

વ્હાલાજી! હું છું પળ પળનો અપરાધી ભરેલો આધિવ્યાધિ રે, પાવલે લાગું! દામોદર!.

વ્હાલાજી! હું તો તમારા બળથી ઘણો ગાજું, જાણો છો, કહું શું ઝાઝું રે? પાવલે લાગું! દામોદર!.

વ્હાલાજી! હું જેવો તેવો તોય છું તમારો, આધાર અવર નહીં મારો રે! પાવલે લાગું! દામોદર!.

વ્હાલાજી! મારું જોર નથી જો તરછોડો, શું રૂઠી કરો મંકોડો રે? પાવલે લાગું! દામોદર!.

વ્હાલાજી! શ્રીમુખ પોતાનો કહો છો માટે લાડું, બીજું બળ ક્યાંથી કાઢું રે? પાવલે લાગું! દામોદર!.

વ્હાલાજી! જનનું માન જગતમાં વધારો, ગમે તો ઘરમાં મારો રે! પાવલે લાગું! દામોદર!.

નૃપના ગજઘોડાં મસ્તીખોરાં ને માન મોટું, માર્યે ના માને ખોટું રે! પાવલે લાગું! દામોદર!.

દયાનાં પ્રીતમ! પાણી, ગ્રહ્યો છે તો નિભાવો,મારો દાસ પણાનો દાવો રે! પાવલે લાગું!દામોદર!

# પાઓ પ્રેમરસ પ્રાણજીવન

પાઓ પ્રેમરસ પ્રાણજીવન દીન થઈ યાચું રે
મુક્તિમાર્ગીને આપજો જ્ઞાન હું તો નવ રાચું રે
રીઝે રાબડી થકી ગરીબલોક ભોગીને નવ ભાવે રે
અમો રાજનાં ખાસાં ખવાસ મુક્તિ મન ના'વે રે

નિત્ય નીરખીએ નટવરરૂપ હોંશ મનમાંથી રે
મનમાન્યું મળે સહુ સુખ એકતામાં ક્યાંથી રે
દિવ્ય રૂપ છો સદા સાકાર આનંદના રાશિ રે
બોલે અનુચિત માયિક મુગ્ધ નરકના વાસી રે

દુષ્ટ જીવને કહે છે બ્રહ્મ જીવ બ્રહ્મ લેખે રે
છતે સ્વામીએ સુહાગનું સુખ સ્વપ્ને ન દેખે રે
આપ સ્વામી સદા હું દાસ નાતો એ નિભાવો રે
રૂચે આપને પડો એવી ટેવ અન્ય રખે પાડો રે

વિના લાલચનું લાલ વ્હાલ આટલુંક આપો રે
વિષયવાસના પ્રપંચની પ્રીત કૃષ્ણ મારી કાપો રે
અનન્ય સેવા અખંડ સતસંગ મનોહર માંગું રે
દયા પ્રીતમજી આપો મુને એહ પાયે લળી લાગું રે

# પ્રેમરસ

જે કોઈ પ્રેમઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે.

સિંહણ કેરું દૂધ હોય તે સિંહણસુતને જરે,
કનકપાત્ર પાખે સહુ ધાતુ ફોડીને નીસરે. – જે કોઈ૦

સક્કરખોરનું સાકર જીવન, ખરના પ્રાણ જ હરે,
ક્ષારસિંધુનું માછલડું જેમ મીઠા જળમાં મરે. – જે કોઈ૦

સોમવેલી રસપાન શુદ્ધ જે બ્રાહ્મણ હોય તે કરે;
વગળવંશીને વમન કરાવે, વેદવાણી ઊચરે. – જે કોઈ૦

ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ ના સરે,
મત્સ્યભોગી બગલો મુક્તાફળ દેખી ચંચુ ના ભરે. – જે કોઈ૦

એમ કોટિ સાધને, પ્રેમ વિના પુરુષોત્તમ પૂંઠ ના ફરે,
દયાપ્રીતમ શ્રીગોવર્ધનધર, પ્રેમભક્તિએ વરે. – જે કોઈ૦

# મનજી ! મુસાફર રે ! ચલો નિજ દેશ ભણી !

મનજી ! મુસાફર રે ! ચલો નિજ દેશ ભણી !
મૂલક ઘણા જોયા રે ! મુસાફરી થઈ છે ઘણી !

સ્વપુર જવાનો પંથ આવ્યો છે, રખે ભૂલતા ભાઈ !
ફરીને મારગ મળવો છે નહીં, એવી તો છે અવળાઈ,
સમઝીને ચાલો સૂધા રે ! ના જાશો ડાબા કે જમણી. મનજી !

વચ્ચે ફાંસીઆ વાટ મારવાને બેઠા છે બે ચાર,
માટે, વળવા રાખો બેત્રણેક ત્યારે તેનો નહીં ભાર,
મળ્યો છે એક ભેદુ રે ! બતાવી ગતિ સહુ તે તણી. મનજી !

માલ વહોરો તો વહોરો શેઠના નામનો, થાય ના ક્યહું અટકાવ,
આપણો કરતાં જોખમ આવે ને ફાવે દાણીનો દાવ,
એટલા સારું રે ! ના થાવું વહોતરના ધણી. મનજી !

જોજો, જગતથકી જાવું છે, કરજો સંભાળીને કામ,
દાસ દયાને એમ ગમે છે – હાંવા જઈએ પોતાને ધામ,
સૂઝે છે હાંવા એવું રે ! અવધ થઈ છે આપણી ! મનજી ! .

# મુજને અડશો મા !

"મુજને અડશો મા! આઘા રહો અલબેલા છેલા! અડશો મા!,
અંક ભર્યાના સમ ખાઓ તો અધર તણો રાસ પાઉં;
કહાન કુંવર! સાળા છો, અડતાં હું કાળી થઈ જાઉં!"...મુજને૦

"તું મુજને અડતા શ્યામ થઈશ તો હું ક્યમ નઈ થાઉં ગોરો?
ફરી મળતાં રંગ અદલાબદલી, મુજ મોરો, તુજ તોરો!"...મુજને૦

"કાળી થયાનું કામ નથી, પણ લગ્ન લોકમાં ઠરશે;
લઘુ વયમાં લાંછન લાગ્યાથી બીજો વર ક્યમ વરશે?"...મુજને૦

"તારે બીજા વરનું કામ શું છે? હું વર, તું વહુ ધન્ય!
જેનું લાંછન તેને વરિયે તો તો માન મળે અનન્ય."...મુજને૦

સુણી એમ હરિવદની હસી ભેટ્યાં, પ્રતિ ઉત્તર ના દીધો;
હોળીની હાંસી મિષે દયાપ્રીતમ બે એ આનંદ રસ લીધો. ...મુજને૦

# મોરલી

મોરલી વાગી રે શ્રી કૃષ્ણની.
હાં રે વ્હાલા ! સરસ્વત સ્વામીને વિનવું;
હાં રે વ્હાલા ! ગણપત લાગું પાય, લાલ ! જી રે. મોરલી૦
હાં રે વ્હાલા ! સરોવર પાણીડાં સંચર્યાં;
હાં રે વ્હાલા ! કાંઠે તે ઉભો ક્હાન, લાલ ! જી રે. મોરલી૦
હાં રે વ્હાલા ! સોના તે કેરૂં મ્હારૂં બેડલું;
હાં રે વ્હાલા ! ઉઢાણી રતન જડાવ, લાલ ! જી રે. મોરલી૦
હાં રે વ્હાલા ! ક્હાને તે કંકર ફેંકિયો
હાં રે વ્હાલા ! વાગ્યો ઘડૂલો  હેઠ, લાલ ! જી રે. મોરલી૦
હાં રે વ્હાલા ! ઘડૂલો ફૂટ્યો ને નીર વહી ગયાં,
હાં રે વ્હાલા ! ભીંજ્યા મ્હારાં નવરંગ ચીર, લાલ ! જી રે. મોરલી૦
હાં રે વ્હાલા ! સાસુ તે મ્હારી ખીજશે;
હાં રે વ્હાલા ! નણદલ દેશે ગાળ, લાલ ! જી રે. મોરલી૦
હાં રે વ્હાલા ! દેરાણી જેઠાણી મ્હેણાં મારશે;
હાં રે વ્હાલા ! પરણ્યો તે કરશે પેર, લાલ ! જી રે. મોરલી૦
હાં રે વ્હાલા ! દયાના પ્રીતમ પ્રભુ પાતળા;
હાં રે તે તો મ્હારા પ્રાણનાઆઅધાર, ! લાલ ! જી રે. મોરલી૦.

# વાંસળી

વાગે વૃંદાવનમાં વાંસળી રે ઊભો ઊભો વગાડે (ક હા)ન;
નાદે વેધી મુનિવર પાંસલી રે નવ રહી કોને સાન. વાગે૦

તરુની શાખાઓ ઝૂમી રહી રે, ચરણે નમવાને કાજ;
વેલી વૃક્ષ સાથે ઝૂલી રહી રે, (૨)
ભાગ્ય અમારાં આજ ! વાગે૦

જમનાનીર ચાલે નહીં રે, મૃગમન મોહ જ થાય;
પંખી માળામાં હાલે નહીં રે, (૨)
નાદ સુણી ન રહેવાય. વાગે૦

વાછરૂં કાન દઈ સાંભળે રે, કરે નહીં પયપાન;
ગાયો ગાળા તોડી તહાં પળે રે, (૨)
નાદ સુણવાને કાન. વાગે૦

ફૂલ્યાં કમળ જળ ટાટડી રે, દીસે ઉદીઓ છે ભાણ;
શંકર સમાધિ મેલી રહ્યા રે, (૨)
થયું જગતને જાણ. વાગે૦

કાને પડીઓ તે વ્રજનારને રે, વ્હાલાજીનો રે નાદ;
સાંભળતા તજી નિજ ધામને રે, (૨)
ધાઇ ગયા સૌ સાથ. વાગે૦

લીલા કેવી કુંજધામની રે ! પવન થયો ગતિભંગ;
દેવતા વૃષ્ટિ કરે પ્રસન્ન થઇ રે (૨)
દેખી વ્રજનો ઉમંગ. વાગે૦

# વૃંદાવનમાં થનકાર થનક થૈ થૈ થૈ

વૃંદાવનમાં થનકાર થનક થૈ થૈ થૈ
રાધાકૃષ્ણ રમે રાસ ગોપી લૈ લૈ લૈ
બીજું કૈં નહીં કૈં નહીં... વૃંદાવનમાં...

નૂપુરચરણ કનકવરણ ઝાંઝર જોડો
ઘુંઘરીયાળો કટી ઓપે કંદોરો
મોરમુકુટ મણી વાંકડો અંબોડો
કુંડલકાન, ભ્રુકુટી તાન, નૈનબાણ કંપમાન
તાળી લૈ લૈ લૈ... વૃંદાવનમાં...

વાગે તાલ ને કરતાલ સંગ તાળી
કોઇ તંબુરો ને કોઇ મૃદંગવાળી
મદનગાન મુખ્ય ગાયે વનમાળી
બોલે બૈન, સુધા સૈન, મોહન નૈન, પ્રગટ ચૈન
હ્રદય દૈ દૈ દૈ... વૃંદાવનમાં...

મુકુટમાંહી રૂપ દીઠું રાધાએ
મનમાં માનિની વિમાસણ થાયે
હુંથી છાની બીજા છે મુકુટ માંહે
બહુ વ્હાલી, હઠ ઝાલી, ઊઠી ચાલી
દયા પ્રભુ જય જય જય... વૃંદાવનમાં...

# વૈષ્ણવ નથી થયો તું રે હરિજન નથી થયો તું રે

વૈષ્ણવ નથી થયો તું રે, હરિજન નથી થયો તું રે,
શીદ ગુમાનમાં ઘૂમે... વૈષ્ણવ ટેક
હરિજનને જોઈ હૈડું ન હરખે, દ્રવે ન હરિગુણ ગાતાં,
કામ ધામ ચટકી નથી પટકી, ક્રોધે લોચન રાતાં... વૈષ્ણવ ૧
તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે, તો તું વૈષ્ણવ સાચો,
તારા સંગનો રંગ ન લાગે, તહાં લગી તું કાચો... વૈષ્ણવ ૨
પર દુઃખ દેખી હ્રદે ન દાઝે, પર નિંદાથી નથી ડરતો,
વ્હાલા નથી વિઠ્ઠલશું સાચું, હઠે ન હું હું કરતો... વૈષ્ણવ ૩
પરોપકારે પ્રીત ન તુજને, સ્વારથ છૂટ્યો છે નહીં,
કહેણી તેવી રહેણી ન મળે, કહાં લખ્યું એમ કહેની... વૈષ્ણવ ૪
ભજવાની રુચિ નથી મન નિશ્ચે, નથી હરિનો વિશ્વાસ,
જગત તણી આશા છે જહાં લગી, જગત ગુરુ તું દાસ... વૈષ્ણવ ૫
મન તણો ગુરુ મન કરીશ તો, સાચી વસ્તુ જડશે,
'દયા' દુઃખ કે સુખ માન પણ, સાચું કહેવું પડશે... વૈષ્ણવ ૬

# શિક્ષા શાણાને

સરવ કામ છાંડીને પરથમ શ્રીગુરુ ગોવિન્દ ભજિયે જી;
સકલ કામના – સિદ્ધિ જેથી, વારે તેહેને તજિયે.
શિક્ષા શાણાને….

પરોપકાર, પ્રીતિ, મૃદુ વાણી; મોટા જન તે જાણોજી;
નિર્દય, આપસ્વારથી, જૂઠા; તે નીચા પરમાણો.
શિક્ષા શાણાને…..

ખરી મેહેનતનું દ્રવ્ય જોડિયે, નીચ નજર ના કરિયે જી;
પાછલથી પસ્તાવો ઉપજે, હાણ હાંસીથી ડરિયે.
શિક્ષા શાણાને…..

વિના વિચાર્યું કામ કરે તે પાછલથી પસ્તાય જી;
બગડી બૂંદ ન હોજે સઘરે, મળે ન તક જે જાય.
શિક્ષા શાણાને…..

ઋણ કાઢીને ખરચ ન કરિયે, દાટી ન સહિયે દુ:ખજી;
જેહેવી સંપત તેહેવું ભોજન, સદા પામિયે સુખ્ખ.
શિક્ષા શાણાને……

સુખ આવ્યે છાકી ન જૈયે, દુ:ખ આવ્યે નવ ડરિયે જી;
આપણાથી અધિકાંને જોઇને ગરવ ક્લેશને હરિયે.
શિક્ષા શાણાને…..

લાખ ગમાવી સાખ રાખજો, સાખે મળશે લાખ જી;
લાખ ખરચતાં સાખ નહિ મળે, સાખ ગયે સહુ ખાખ.
શિક્ષા શાણાને……

# શું જાણે વ્યાકરણી

શું જાણે વ્યાકરણી ? વસ્તુને શું જાણે વ્યાકરણી ?
મુખ પર્યંત ભર્યું ઘૃત તદપિ સ્વાદ ન જાણે બરણી

સુંદર રીતે શાક વઘાર્યું ભોગ ન પામે ભરણી
અંતર માંહે અગ્નિ વસે પણ આનંદ ન પામે અરણી

નિજ નાભિમાં કસ્તુરી પણ હર્ષ ન પામે હરણી
દયો કહે ધન દાટીને જ્યમ ધનવંત કહાવે નિર્ધણી

# શોભા સલૂણા શ્યામની

તું જો ને સખી ! શોભા સલૂણા શ્યામની.

કોટિ કંદર્પ લજાવે એનું મુખડું ,
ફીકી પડે છે કલા કામની. તું જોને.

સદ્ગુણ સાગર નટવર નાગર ,
બલિહારી હું એના નામ ની . તું જોને.

કોટિ આભૂષણનું એ રે ભુષણ,
સીમા તું છે એ અભિરામની. તું જોને.

સમજે એને સાર સરવનું ,
બીજી વસ્તુ નથી કામની . તું જોને.

અનુપમએ અલબેલો રસિયો,
જીવનમૂડી દયારામ ની . તું જોને.

# હરિ, જેવો તેવો હું દાસ તમારો

હરિ, જેવો તેવો હું દાસ તમારો
કરુણાસિંધુ ગ્રહો કર મારો ..

સાંકડાના સાથી શામળિયા, છો બગડ્યાના બેલી,
શરણ પડ્યો ખલ અમિત કુકર્મી, તદપિ ન મુકો ઠેલી ..

નિજ જન જૂઠાની જાતિ લજ્જા, રાખો છો શ્રીરણછોડ,
શૂન્ય-ભાગ્યને સફળ કરો છો, પૂરો વરદ બળ કોડ ..

અવળનું સવળ કરો સુંદરવર, જ્યારે જન જાય હારી,
અયોગ્ય યોગ્ય, પતિત કરો પાવન, પ્રભુ દુઃખ-દુષ્કૃત્યહારી ..

વિનતિ વિના રક્ષક નિજ જનના, દોષ તણા ગુણ જાણો,
સ્મરણ કરતાં સંકટ ટાળો, ગણો ન મોટો નાનો ..

વિકળ પરાધીન પીડા પ્રજાળો, અંતરનું દુઃખ જાણો,
આરત બંધુ સહિષ્ણુ અભયંકર, અવગુણ નવ આણો ..

સર્વેશ્વર સર્વાત્મા સ્વતંત્ર દયા પ્રીતમ ગિરિધારી,
શરણાગત-વત્સલ શ્રીજી મારે, મોટી છે ઓથ તમારી ..

# હો વાંસલડી !

માનીતી તું છે મોહન તણી, હો વાંસલડી !
ત્હને  વ્હાલમ કરે છે ઘણું વ્હાલા રે, હો વાંસલડી !

મીઠો આવડો શો શોર? મ્હ્યો નંદનો કિશોર;
ત્હારૂં આવડું શું જોર ? ભૂંડી ! કાળજડું મા કોર રે, હો વાંસલડી ! મીઠો૦.

વાજી વાજીને વિકલ કર્યાં, હો વાંસલડી !
તું તો પીડે અમારા પ્રાણ રે, હો વાંસલડી ! મીઠો૦.

સુણતાં પડે ચે હૃદે સોંસરા, હો વાંસલડી !
ત્હારા ટહુકારાથી મોહબાણ રે, હો વાંસલડી ! મીઠો૦.

ઝેર ઘણું છે ત્હારી ઝપટ્માં, હો વાંસલડી !
ભલા તું થી ભાલા-તલવાર રે, હો વાંસલડી ! મીઠો૦.

એકીવારે તું હણી નાંખની, હો વાંસલડી !
ભૂંડી ! થોડે થોડે મા માર રે, હો વાંસલડી ! મીઠો૦.

ગરજે ગુમાન ભરી આવડી શું, હો વાંસલડી !
તું તો જોતી વિચરી ત્હારી જાત રે, હો વાંસલડી ! મીઠો૦.

જોતા તું કાષ્ટ કેરો કરકડો, હો વાંસલડી !
તુંને આજ મળી છે ઠરાત રે, હો વાંસલડી ! મીઠો૦.

ચોરની સંગે શીખી ચોરવા, હો વાંસલડી !
વ્હાલે માખણ ઓર્યું ને ત્હેં) તેઓ મંન રે, હો વાંસલડી ! મીઠો૦.

માન ન રાખ્યું માનિની તણું ત્હેં , વાંસલડી !
ત્હેંતો સહુને કર્યા પાયમાલ રે, હો વાંસલડી ! મીઠો૦.

દયાના પ્રભુની દૂતી તું ખરી, હો વાંસલડી !
સહુને તેડે તું બેઠી ઠામ રે, હો વાંસલડી ! મીઠો૦.